# 2nd India-Zimbabwe Foreign Office Consultations

# 2જા ભારત-ઝિમ્બાબ્વે વિદેશ કચેરીનાં પરામર્શો

29 સપ્ટેમ્બર, 2022

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે 29 સપ્ટેમ્બર 2022 નાં રોજ દ્વિતિય વિદેશ કચેરીનાં પરામર્શો (FOC) યોજવામાં આવ્યા હતા. ભારતીય પક્ષની આગેવાની સંયુક્ત સચિવ (પૂર્વ અને દક્ષિણ આફ્રિકા) શ્રી પુનીત આર. કુંડળ દ્વારા કરવામાં આવી હતી અને ઝિમ્બાબ્વેનાં પક્ષની આગેવાની ઝિમ્બાબ્વેનાં વિદેશી બાબતે અને આંતરરાષ્ટ્રિય વ્યાપારનાં મંત્રાલયમાં આર્થિક સહકાર, આંતરરાષ્ટ્રિય વ્યાપાર અને વિદેશમાં નિવાસ કરતા સ્વદેશીઓનાં મુખ્ય નિર્દેશક શ્રીમતિ આર. એમ. ફારાનિસી દ્વારા કરવામાં આવી હતી.

2. આ પરામર્શે દરમિયાન, બન્ને પક્ષોએ દ્વિપક્ષિય સંબંધોની વ્યાપક સમીક્ષા હાથ ધરી હતી અને બન્ને દેશોનાં પારસ્પરિક લાભ માટે આ સંબંધો વધારે આગળ લઈ જવાની તેઓની મનોકામના વ્યક્ત કરી હતી. આ ભાગીદારીની સંપૂર્ણ સંભાવના સાકાર કરવા માટે બન્ને પક્ષોએ દ્વિપક્ષીય રાજકીય આદાનપ્રદાનોની અગત્યતા પર ભાર મૂક્યો હતો. આ પ્રતિનિધિ મંડળો દ્વારા વ્યાપાર અને રોકાણ, વિકાસ ભાગીદારી, સંરક્ષણ, રાજદ્વારી મુદ્દાઓ, કૃષિ, આરોગ્ય અને રેલ્વે, અને અન્ય બાબતો સહિતનાં સંખ્યાબદ્ધ ક્ષેત્રોમાં સહકાર વધારવાની ચર્ચા કરવામાં આવી હતી.

3. પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર પણ દ્રષ્ટિકોણોની આપ-લે કરવામાં આવી હતી.

4. ભાગીદારી વાયબ્રન્ટ અને પરસ્પર લાભદાયી રાખવા માટે બન્ને પક્ષો ઉચ્ચ-સ્તરીય રાજકીય આદાનપ્રદાનો અને સંયુક્ત સંસ્થાગત યંત્રણાઓની નિયમિત મીટિંગો ચાલું રાખવા માટે પણ સંમત થયા હતા.

5. આ વાર્તાલાપો મૈત્રીપૂર્ણ અને સ્નેહપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવ્યા હતા. બન્ને પક્ષો પરામર્શોનો આગામી રાઉન્ટ પરસ્પર સાનુકૂળ તારીખ પર હરારેમાં યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**29 સપ્ટેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.